અપીલ અરજી નં.૬ તા.૫–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૩–૧૦ ની અરજીથી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સુ.મ.પા. તરફથી **CZ/RTI/0UT/**૮૨૯ તા.૧૮/૯/૦૯ માં જણાવવામાં આવેલ છે કે કારખાનું બંધ કરવાની જવાબદારી સુ.મ.પા.ની રહેતી નથી તેમ છતાં સરકારશ્રી તરફથી નીતિ વિષયક નિર્ણય લેવામાં આવશે તો તે મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ તો સુ.મ.પા. તરફથી સરકારશ્રીના કયા વિભાગને નિર્ણય લેવા માટે રજુઆત કરવા માટે પત્ર રવાના કરવામાં આવયો તે બાબતની નકલ તેમજ રીપોર્ટની નકલની કોપી ફાળવવા અને તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૪–૧૦ ની **SMC/FAP/** નં.૬/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૩–૧૦ ની અરજીથી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સુ.મ.પા. તરફથી **CZ/RTI/0UT/**૮૨૯ તા.૧૮/૯/૦૯ માં જણાવવામાં આવેલ છે કે કારખાનું બંધ કરવાની જવાબદારી સુ.મ.પા.ની રહેતી નથી તેમ છતાં સરકારશ્રી તરફથી નીતિ વિષયક નિર્ણય લેવામાં આવશે તો તે મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ તો સુ.મ.પા. તરફથી સરકારશ્રીના કયા વિભાગને નિર્ણય લેવા માટે રજુઆત કરવા માટે પત્ર રવાના કરવામાં આવયો તે બાબતની નકલ તેમજ રીપોર્ટની નકલની કોપી ફાળવવા અને તેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનુ જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨ તા.૧૫–૪–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨–૩–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન વિભાગમાં કરવામાં આવેલ. જે બાબતે સમય મર્યાદામાં માહિતી ન મળતા અરજદારે તા.૫–૪–૧૦ ના રોજ સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. તથા માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલી હોય આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૫–૧૦

ઈ.ચા. ડે.કમિશ્નર,<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,